# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૮ ◆ અંકઃ ૧૩ ◆ સળંગ અંકઃ ૯૬ ◆ તા.૧૭/૧૧/૨૦૨૪, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


# કરદાતાની સ્પષ્ટ વિનંતી હોય તો ઓનલાઈનની બદલે રૂબરૂ સુનાવણી કરી શકશે જી.એસ.ટી. અધિકારી

તા. ૦૬.૧૧.૨૦૨૪ જી.એસ.ટી. તથા સ્લાગ્ન ઇંડાયરેક્ટ કાયદાઓ માટે સેંટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા આ કાયદાઓ હેઠળ થતી સુનાવણી ઓનલાઈન થાય તે અંગે સૂચનાઓ બહાર પાડવામાં આવી હતી. આ સૂચનાઓ ૨૧ ઓગસ્ટ ૨૦૨૦ થી અમલમાં હતી જેમાં ૨૮ જુલાઇ ૨૦૨૨ થી સુધારો કરવામાં આવ્યો હતો. આ ઓનલાઈન સુનાવણીમાં પડી રહેલી મુશ્કેલીઓ અંગે વિવિધ કરદાતાઓના સમૂહ તથા વિવિધ એસોસીએશન દ્વારા CBICને સૂચનો કરવામાં આવ્યા હતા. આ સૂચનોને ધ્યાને લઈ CBIC દ્વારા એક મહત્વનો સુધારો કરવામાં આવ્યો છે. જી.એસ.ટી. હેઠળના અધિકારીઓને જ્યારે કરદાતા તરફથી ખાસ વ્યક્તિગત રૂબરૂ સુનાવણીની વિનંતી કરવામાં આવી હોય ત્યારે રૂબરૂ સુનાવણી માટે તક આપી શકશે. આ સુધારો થતાં હવે કરદાતા અગાઉની જેમ ફરી જી.એસ.ટી. ને સલગ્ન ઓફિસોમાં રૂબરૂ હાજર થઈ સુનાવણીમાં ભાગ લઈ શકશે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# ‘રિયલ એસ્ટેટ’ના વ્યવહારોમાં ‘કેશ લેસ’ થવા સરકાર દ્વારા આપવામાં આવે પ્રોત્સાહનો!

## ૮ નવેમ્બરના રોજ નોટબંધી અંગેના નિર્ણયને ૮ વર્ષ થયા છે પૂરા, ‘રિયલ એસ્ટેટ’ સિવાય મોટાભાગના વ્યવહારોમાં ઓછું થયું છે ‘બ્લેક મની’નું દૂષણ!!

**By Bhavya Popat**

મોદી સરકારના સૌથી મહત્વકાંક્ષી બહાદુરી પૂર્વકના પગલાં તરીકે નોટબંધીને જોવામાં આવે છે. નોટબંધીના કારણે જમીની સ્તરે શું ફાયદો થયો કે શું નુકસાન થયું તે અંગે તો પાછલા આઠ વર્ષમાં અનેક ચર્ચાઓ થઈ છે. ઘણા મોટા પ્રમાણમા લોકો આ નોટબંધીને નિષ્ફળ ગણતાં હોય છે તો મારા જેવો વર્ગ પણ છે કે જે નોટબંધીને સફળ ગણી રહ્યા છે. મારા અંગત મત મુજબ નોટબંધીના લાંબાગાળાના ઉદેશ એવા ‘કેશ લેસ ઈકોનોમી’માં ઘણા બધી સફળતા મળી છે. હા, માત્ર નોટબંધીના કારણે જ આ સફળતા મળી છે એવું કહી શકી નહીં. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા UPIને આપવામાં આવેલ ઉત્તેજન, કોરોના વગેરે પણ આ ‘લેસ કેશ ઈકોનોમી’ માટે જવાબદાર છે. પણ નોટબંધીને આ તરફની શરૂઆત તો ચોક્કસ ગણી શકાય.

### કેશ લેસ’’ તો નહીં પણ ‘‘લેસ કેશ ઈકોનોમી’’ એ છે આજની હકીકત

નોટબંધી નો મુખ્ય હેતુ કરચોરી ડામવાનો અને અર્થતંત્રમાં રહેલ કાળુંનાણું બહાર લાવવાનો હતો. પરંતુ આ સાથે જ ‘કેશ લેસ ઈકોનોમી’ એટ્લે કે રોકડ વ્યવહાર ના થતાં હોય તેવું અર્થતંત્ર ઊભું કરવાનો પણ હતો. આપણે સૌ જાણીએ છીએ કે કાળાનાણાંનો ઉપયોગ મોટા પ્રમાણમા રોકડ વ્યવહાર માંજ થઈ શકે. નોટબંધીના લાંબાગાળાના ફાયદામાં ‘કેશ લેસ ઈકોનોમી’નું નિર્માણ કરવાનો પણ હેતુ રહેલો હતો. આજે જે મોટા પ્રમાણમા ગૂગલ પે, ફોન પે વગેરે જેવા UPI નો ઉપયોગ થઈ રહ્યો છે તે જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે ભલે મોટા વિકસિત દેશોની જેમ ‘‘કેશ લેસ ઈકોનોમી’’ હજુ શક્ય બની નથી પરંતુ ‘‘લેસ કેશ ઈકોનોમી’’ બનવામાં તો ચોક્કસ સફળતા મળી છે.

### UPIનો મોટા પ્રમાણમા થઈ રહ્યો છે ઉપયોગઃ

આપણે સૌ જોઈ શકીએ છીએ કે રોજબરોજના વ્યવહારોમાં UPI (ગૂગલ પે-ફોન પે વગેરે)નો ઉપયોગ ખૂબ વધી રહ્યો છે. વ્યક્તિએ પોતાના રોજબરોજના જીવનમાં આ UPIને સંપૂર્ણ પણે અપનાવી લીધું છે. નાનામાં નાની પાનની દુકાન હોય કે કોઈ વિશાળ મોલ હોય, નાણું ગેસ્ટ હાઉસ હોય કે મોટી ફાઇવ સ્ટાર હોટેલ હોય, પાણીપૂરી વેચતાં ભૈયા હોય કે મોટી રેસ્ટોરન્ટ, દૂધનું વેચાણ કરતું કેન્દ્ર હોય કે પેટ્રોલ પંપ હોય, રિક્ષા હોય કે લકસરી બસ તમામ જગ્યાએ UPI દ્વારા પેમેન્ટ એ સર્વમાન્ય બની ગયું છે.

UPI વ્યવસ્થાની વાત કરીએ તો વેપારી-ધંધાર્થી અને ગ્રાહક બન્ને આ પદ્ધતિથી ખુશ હોય તેવું માની શકાય. ગ્રાહક માટે પોતાના રોજબરોજના જીવનમાં રોકડની હેરફેર કરવાની જરૂર રહેતી નથી જ્યારે બીજી બાજુ વેપારી-ધંધાર્થી પણ રોજ બરોજની છૂટા (ચેન્જ) આપવાની મગજમારીથી, બેન્કમાં રોકડ જમા કરાવવાની કામગીરીથી બચી રહ્યા છે. ખુબ સરળ, પારદર્શક અને ખર્ચ વગરની વ્યવહારની આ પદ્ધતિ હવે તમામ લોકો એ સ્વીકારી લીધી છે.

### સરકાર દ્વારા ‘કેશ લેસ’ વ્યવહારોને ઉતેજન આપવા ‘રિયલ એસ્ટેટ’ વ્યવહારો ઉપર આર્થિક પ્રોત્સાહન આપવા છે જરૂરીઃ

ઉપર આપણે જેમ વાત કરી તેમ આજે રોજબરોજના વ્યવહારોમાં UPIનો ઉપયોગ ખૂબ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. આજે, સૌથી વધુ જો રોકડનો ઉપયોગ જ્યાં થઈ રહ્યો છે તે ક્ષેત્ર ‘રિયલ એસ્ટેટ’ને ગણી શકાય. મિલ્કત ખરીદ વેચાણમાં આજે પણ મોટા પ્રમાણમા રોકડનો ઉપયોગ થઈ રહ્યો છે. ઇન્કમ ટેક્સ કાયદાની જોગવાઈ હેઠળ મિલ્કત વેચાણ સંદર્ભે ૨૦,૦૦૦થી ઉપરની રકમ રોકડમાં લઈ શકાતી નથી. આનો અર્થ એવો ગણી શકાય મિલ્કત ખરીદ-વેચાણ ના વ્યવહારમાં કે ૨૦,૦૦૦/-થી ઉપરના તમામ રોકડના વ્યવહારો ‘બ્લેક’ (કાળા નાણાં)ના છે. આ ‘બ્લેક’ના વ્યવહારો કરવા માત્ર મોટા અમિર લોકો જ નહીં પણ સામાન્ય વ્યક્તિ પણ મજબૂર છે. આ મજબૂરીના ઘણા કારણો છે. ઊંચી સ્ટેમ્પ ડ્યૂટી, ઊંચા ઇન્કમ ટેક્સના દર, જૂની જંત્રીઓના ઓછા ભાવના કારણે ઓછી પડતર વગેરે જેવા અનેક કારણો હોવાથી મિલ્કતના વ્યવહારોમાં આજે પણ ‘કેશ’ની બોલબાલા રહેલ છે.

મારા અંગત મતે ‘રિયલ એસ્ટેટ’ એટ્લે કે મિલ્કતના વ્યવહારોમાં ‘કેશ’નું ચલણ ઘટાડવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સંકલન કરી પગલાં લેવા જરૂરી છે. મિલ્કત ધારક પાસે જે જૂની મિલકત છે તે જૂના જંત્રીના ભાવે ખરીદેલી છે. આ મિલ્કત ઉપર હાલ બજાર ભાવે વેચાણ કરવામાં આવે તો વેચનાર મોટો ઇન્કમ ટેક્સ ભરવા જવાબદાર થતાં હોય છે. આ કારણે જ રોકડનો વ્યવહાર કરી ટેક્સ બચાવવા પ્રયાસ કરવામાં આવતો હોય છે. જો આ જૂની મિલ્કતો બાબતે ટેક્સમાં કોઈ મોટી રાહત આપવામાં આવે તો આ તમામ વ્યવહારો જે રોકડમાં (આ સ્થાને રોકડ એટ્લે ‘બ્લેક’ના અર્થમાં સમજવું) થઈ રહ્યા છે તે બંધ થઈ જશે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષથી વધુ તમામ મિલ્કતો ઉપર મૂડી નફાનો દર ૫% જેવો ન્યૂનતમ કરી આપવામાં આવે તો વેચનાર વ્યવહારની પૂરી રકમ ‘કેશ’ સિવાય જ લેવાનો આગ્રહ રાખશે. વેચનાર મિલ્કતના વેચાણ બાબતે રોકડ લેવા તૈયાર ના થાય તો ફરજિયાત ખરીદનાર દ્વારા પણ રોકડ સિવાય ચુકવણી કરવી જરૂરી બનશે. આમ, ખરીદનાર પણ મિલ્કતની ઊંચી અને સાચી કિમતે ખરીદી કરશે એટ્લે ભવિષ્યમાં આ મિલ્કતનું વેચાણ જ્યારે એ કરશે ત્યારે પણ તે ઊંચી અને સાચી કિંમત લેવાનો આગ્રહ કરશે તે સ્વાભાવિક છે. આમ, રોકડ દ્વારા કાળાનાણાં નું જે અર્થતંત્ર ચાલી રહ્યું છે તેમાં લાંબાગળે ઘટાડો થઈ શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા જેવી રીતે ઇન્કમ ટેક્સ ઘટાડવો જરૂરી છે તેવી રીતે રાજ્ય સરકાર દ્વારા પણ લેવામાં આવતી સ્ટેમ્પ ડ્યૂટી પણ ઘટાડવી જરૂરી છે. ૫% કે ૬% જેવી સ્ટેમ્પ ડ્યૂટીના સ્થાને માત્ર ૧% કે ૨% જેવી ન્યૂનતમ સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવે તો ખરીદનાર પણ મિલ્કતના ઊંચા અને સાચા ભાવ ઉપર નોંધણી કરાવવા આગળ આવશે. હાલ જે ‘‘ઑન મની’’ ની પદ્ધતિ છે તે આ બન્ને પગલાં ના કારણે ખૂબ ઓછી થઈ શકે છે. ‘રિયલ એસ્ટેટ’ કે જ્યાં હાલ મહત્તમ કાળું નાણું ફરી રહ્યું છે તેને ‘સ્ટ્રીમ લાઇન’ કરવું ખૂબ જરૂરી છે. આ ‘બ્લેક મની’ની ‘પ્રેરેલલ ઈકોનોમી’ને અર્થતંત્રના મુખ્ય પ્રવાહમાં લાવવા સરકાર દ્વારા દંડકીયા પગલાં લેવાના બદલે ઇન્કમ ટેક્સ ઘટાડવાના તથા સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવા જેવા પ્રોત્સાહક પગલાં લેવામાં આવે તો એ દિવસો દૂર નથી કે જ્યારે મિલ્કત ખરીદ વેચાણ પણ ‘કેસ લેસ’ રીતે થશે. આમ થવાથી આપણે સંપૂર્ણ પણે ‘કેશ લેસ ઈકોનોમી’ નહીં તો પણ ‘લેસ કેશ ઈકોનોમી’ તરફ તો ચોક્કસ આગળ વધીશું.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૧૧ નવેમ્બરના રોજ પ્રકાશિત થયેલ છે)**

# આજથી લાગુ થઈ રહી છે જી.એસ.ટી. હેઠળ નવી પદ્ધતિ ઈંવોઇસ મેનેજમેંટ સિસ્ટમ (IMS)

## ખરીદનાર કરદાતા પોતાની ખરીદીની વિગત પોર્ટલ ઉપર જોવા મળે ત્યારે તે આ ખરીદીના ઈંવોઇસને Accept કરી શકે છે, Reject કરી શકે છે અથવા તો Pending રાખી શકે છે...




**તા. ૧૪.૧૦.૨૦૨૪**

જી.એસ.ટી. કાયદો ૦૧.૦૭.૨૦૧૭ થી સમગ્ર દેશમાં લાગુ થયો છે. જી.એસ.ટી. લાગુ થયા બાદ કરવામાં આવેલ ફેરફારો સમગ્ર વિશ્વમાં કોઈ પણ ટેક્સેશન કાયદા લાગુ કરવામાં બહાર પાડવામાં આવેલ સુધારાઓ માં પ્રથમ સ્થાન પામે તો વાતમાં નવાઈ નથી. હવે આ સુધારાઓમાં એક વધુ સુધારા રૂપી કલગી ઉમેરવામાં આવી છે. આજે ૧૪ ઓક્ટોબરના રોજ જ્યારે આપ આ લેખ વાંચી રહ્યા હશો ત્યારે પોર્ટલ ઉપર ‘લાઈવ’ થઈ ગયું હોવું જોઈએ. આ સુધારો છે ‘ઈંવોઇસ મેનેજમેંટ સિસ્ટમ’ (IMS) અંગેનો.

### શું છે આ ઈંવોઇસ મેનેજમેંટ સિસ્ટમ?

ઈંવોઇસ મેનેજમેંટ સિસ્ટમ એ એવી પદ્ધતિ છે જે અંતર્ગત વેચનાર કરદાતા B2B વેચાણ કરે અને તેનું બિલ (ઈંવોઇસ)ની માહિતી પોતાના GSTR 1 માં ઉમેરે કે તુરંત જ ખરીદનાર કરદાતાને આ ઈંવોઇસ અંગે માહિતી મળી રહેશે. આ ઈંવોઇસ અંગે મળેલ માહિતી ઉપર ખરીદનાર કરદાતાએ એક્શન લેવાના થશે. આ માટે જી.એસ.ટી. પોર્ટલ ઉપર કરદાતાના લૉગિનમાં ‘‘રિટર્ન’’ ના વિકલ્પમાં ‘ઈંવોઇસ મેજેંમેંટ ડેશબોર્ડ’ ઉપલબ્ધ થશે.

### કરદાતા દ્વારા આ ખરીદી અંગે દર્શાવવામાં આવેલ ઈંવોઇસ બાબતે શું એક્શન લેવાના વિકલ્પ હશે?

ખરીદનાર કરદાતા પોતાની આ ખરીદીની વિગત પોર્ટલ ઉપર જોવા મળે ત્યારે તે આ ખરીદીના ઈંવોઇસને Accept કરી શકે છે, Reject કરી શકે છે અથવા તો Pending રાખી શકે છે. કરદાતા દ્વારા ઈંવોઇસ Accept કરવામાં આવે ત્યારે આ ખરીદીની વિગતો GSTR 2Bમાં જતી રહેશે. કરદાતા દ્વારા આ ઈંવોઇસ Reject કરવામાં આવે તેવા સંજોગોમાં આ રિજેક્ટ કરવામાં આવેલ ઈંવોઇસની વિગત વેચનાર પાસે પોર્ટલ દ્વારા પરત મોકલવામાં આવશે. કરદાતા દ્વારા જે ઈંવોઇસ Pending રાખવામા આવ્યા હશે તેવા ઈંવોઇસ ખરીદનાર કરદાતાના ‘‘ઈંવોઇસ મેનેજમેંટ ડેશબોર્ડ’’ માંજ રહેશે. જે ઈંવોઇસ ઉપર કોઈ પણ પ્રકારનો વિકલ્પ ખરીદનાર કરદાતા દ્વારા સ્વીકારવામાં નહીં આવ્યો હોય તેવા ઈંવોઇસ ‘ઓટોમેટિક’ રીતે "Accept" થઈ જશે અને ખરીદનાર કરદાતાના GSTR 2Bનો ભાગ બની જશે. ‘ડીમ્ડ એક્સેપટન્સ’નો આ નિયમ ખાસ સમજી લેવો જરૂરી છે.

ઈંવોઇસ મેનેજમેંટ સિસ્ટમ કે જેને ટૂંકમાં ઈંખજ તરીકે પણ ઓળખવામાં આવે છે તે પદ્ધતિ બાબતે અવારનવાર પુછવામાં આવતા પ્રશ્નો નીચે વાંચકોના લાભાર્થે સરળ ભાષામાં આપવામાં આવ્યા છે.

**૧. આ પદ્ધતિ ક્યારથી અમલી બનશે?**

જવાબઃ આ પદ્ધતિ ૦૧ ઓક્ટોબર ૨૦૨૪ થી લાગુ પડશે. GSTR 1 તથા IFF ભરવાની તારીખ પૂર્ણ થાય ત્યારબાદથી એટ્લે કે ૧૪ ઓક્ટોબર ૨૦૨૪થી ખરીદનાર કરદાતા આ વિગતો ઉપર એક્શન લઈ શકશે.

**૨. દર મહિને આ પદ્ધતિ હેઠળ ખરીદનાર વેપારી ક્યારથી અને ક્યાં સુધી આ ઈંવોઇસ ઉપર એક્શન લઈ શકે છે?**

જવાબઃ વેચનાર વેપારી દ્વારા GSTR 1 કે IFFથી એન્ટ્રી થાય ત્યારથી, વેચનાર કરદાતા દ્વારા GSTR 1 કે IFF ભરી આપવામાં આવે ત્યારથી ખરીદનાર કરદાતા પોતાનું GSTR 3B ફાઇલ કરે ત્યાં સુધી ખરીદનાર કરદાતા IMS ઉપર એક્શન લઈ શકે છે.

**3. શું IMSમાં ખરીદનાર કરદાતા એક ઈંવોઇસ ઉપર એક થી વધુ વાર એક્શન લઈ શકે છે?**

જવાબ હા, ખરીદનાર કરદાતા પોતાનું 3B ભારે ત્યાં સુધી તે આ ઈંવોઇસ ઉપર એક થી વધુ વાર પણ એક્શન લઈ શકે છે. આવા કિસ્સામાં છેલ્લે જે એક્શન લેવામાં આવી હશે તે માન્ય ગણાશે.

**૪. શું આ પદ્ધતિ તમામ વેપારીઓ માટે ફરજિયાત રહેશે?**

જવાબઃ હા, આ પદ્ધતિ તમામ વેપારીઓ કે જેઓ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા હક્કદાર છે તેમના માટે લાગુ પડશે. કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ માટે આ સ્કીમ લાગુ પડશે નહીં.

**૫. આ પદ્ધતિ હેઠળ RCM હેઠળ જવાબદારી અંગે વેચનાર દ્વારા દર્શાવવામાં આવેલ બિલ પણ દર્શાવવામાં આવશે?**

જવાબઃ ના, RCM હેઠળ જવાબદારી અંગે વેચનાર દ્વારા દર્શાવવામાં આવેલ બિલો IMSનો ભાગ બનશે નહીં. આ બિલો અગાઉની જેમ GSTR 2Bમાં અલગથી દર્શાવવામાં આવશે.

**૬. RCM સિવાય અન્ય ક્યાં ઇન્વોઈસ આ IMSનો ભાગ નહીં બને?**

જવાબઃ RCM ઉપરાંત GSTR 5 (ઓનલાઈન ડેટાબેઝ મેનેજમેંટ સર્વિસ), GSTR 6 (ઈન્પુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર), ઇમ્પોર્ટ સાથે જોડાયેલ ICEGATEને લગતા ઈંવોઇસ, ‘પ્લેસ ઓફ સપ્લાય’ના કારણે માન્ય ના હોય તેવા B2B ઈંવોઇસ, જી.એસ.ટી. હેઠળ ૧૬(૪) ની સમય મર્યાદા બાદના ઈંવોઇસ IMS સિસ્ટમનો ભાગ બનશે નહીં.

**૭. IMS હેઠળ વેચનાર દ્વારા ઈંવોઇસમાં કોઈ સુધારા કરવામાં આવે તો શું કરવાનું રહે?**

જવાબઃ વેચનાર દ્વારા જો પોતાના વેચાણ ઈંવોઇસમાં સુધારો કરવામાં આવે તો ખરીદનાર દ્વારા આ સુધારેલ ઈંવોઇસ ઉપર ફરી એક્શન લેવાની થશે. જ્યારે ખરીદનાર આ સુધારેલા ઈંવોઇસ ઉપર એક્શન લેશે ત્યારે જૂની વિગતોનું સ્થાન નવા સુધારેલી વિગત લઈ લેશે. હા, ખરીદનાર વેપારીએ જો અગાઉની વિગત ‘‘પેન્ડિંગ’’ રાખેલી હશે તો પહેલા ખરીદનાર દ્વારા આ ‘પેન્ડિંગ’ રાખેલ ઈંવોઇસ ઉપર એક્શન લેવાની રહેશે અને ત્યાર બાદ જ તે સુધારેલ ઈંવોઇસ ઉપર એક્શન લઈ શકશે.

**૮. IMS સિસ્ટમ લાગુ થતાં શું 2Bનું મહત્વ રહેશે નહીં?**

જવાબઃ ના, IMS સિસ્ટમ આવતા પણ 2B તો સૌથી મહત્વનું રહેશે જ. માત્ર GSTR 1 કે IFF ઉપરથી જે GSTR 2B તૈયાર થતું તે હવે IMS ઉપરથી તૈયાર થશે.

**૯. IMS હેઠળ ‘પેન્ડિંગ’ રાખવામા આવેલ ઈંવોઇસનું શું થશે?**

જવાબઃ IMS હેઠળ "Pending" રાખવામા આવેલ ઈંવોઇસ જી.એસ.ટી. કાયદા હેઠળ ૧૬(૪) માં સૂચવેલ મર્યાદા સુધી ખરીદનારને દર્શાવતુ રહેશે.

**૧૦. ‘ડ્રાફ્ટ GSTR 2B’ જનરેટ થયા પછી પણ શું IMSમાં સુધારા થઈ શકે?**

જવાબઃ હા, ‘ડ્રાફ્ટ GSTR 2B’ જનરેટ થયા પછી પણ GSTR 3B ફાઇલ ના થયું હોય ત્યાં સુધી IMSમાં સુધારા થઈ શકે છે.

**૧૧. ક્યાં સંજોગોમાં GSTR 2B પોર્ટલ ઉપર જનરેટ નહીં થાય?**

જવાબઃ જ્યારે અગાઉના કોઈ સમયગાળા માટે GSTR 3B ભરવાનું બાકી હોય, ત્યારે GSTR 2B પોર્ટલ પર જનરેટ નહીં થાય.

**૧૨. IMSમાં કોઈ ઈંવોઇસ/વિગતો એવી હશે કે જેના ઉપર Pendingનો વિકલ્પ સ્વીકારી શકાય નહો?**

જવાબઃ હા, ક્રેડિટ નોટ, અપવર્ડ એમેંડમેંટ ક્રેડિટ નોટ, ડાઉનવર્ડ એમેંડમેંટ ક્રેડિટ નોટ કે જ્યાં ખરીદનાર દ્વારા ક્રેડિટ નોટ અગાઉ રિજેક્ટ કરવામાં આવેલ હોય, ડાઉનવર્ડ એમેંડમેંટ ઈંવોઇસ/ડેબિટ નોટ જ્યારે ખરીદનાર દ્વારા સ્વીકારવામાં આવેલ હોય તેવા કિસ્સામાં Pendingનો વિકલ્પ ખરીદનાર કરદાતા પાસે ઉપલબ્ધ રહેશે નહીં.

આ લેખમાં નવી દાખલ થઈ રહેલી ઈંવોઇસ મેનેજમેંટ સિસ્ટમ (IMS) બાબતે માહિતી સરળ ભાષામાં આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. જી.એસ.ટી. લાગુ થયો ત્યારે જે GSTR 1, GSTR 2 અને GSTR 3 ની પદ્ધતિ લાવવામાં આવી હતી તેને લગભગ સમકક્ષ કહી શકાય તેવી પદ્ધતિ આ IMS દ્વારા ફરી લાગુ થવા જઇ રહી છે. આશા રાખીએ કે પ્રથમ રાઉન્ડમાં જેવી રીતે આ પદ્ધતિનો રકાસ થયો હતો તેવી પરિસ્થિતી હવે ફરી ઊભી ના થાય. જો કે નિષ્ણાંતો માની રહ્યા છે કે ‘ડીમ્ડ એક્સેપ્ટનસ’ના આ વ્યવહારુ સિદ્ધાંત ના કારણે આ પદ્ધતિમાં કરદાતાને તથા તેમના ટેક્સ પ્રોફેશનલ કે એકાઉન્ટન્ટને વધુ મુશ્કેલી પડવી જોઈએ નહીં.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૧૪.૧૦.૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ થયેલ છે. આ લેખ પોર્ટલ ઉપર પબ્લીશ કરવામાં આવી રહ્યો છે ત્યાં સુધી IMS પોર્ટલ ઉપર શરૂ થયું નથી તેવા સમાચાર મળી રહ્યા છે.)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# શું દિવાળી ઉપર મળેલ બક્ષિસ ઉપર ઈન્કમ ટેક્સ ભરવો પડે?

## સૌ પ્રથમ અમારા 'ટેક્સ ટુડે'ના વાંચકોને દિવાળીના તહેવારોની હાર્દિક શુભેચ્છા




**તા. ૩૦.૧૦.૨૦૨૪**

ભારતીય સમાજ વ્યવસ્થા વિશ્વની સમાજ વ્યવસ્થાઓમાં ખૂબ આગવું સ્થાન ધરાવે છે. આપણી સમાજ વ્યવસ્થામાં પ્રસંગોપાત, સબંધોમાં ગિફ્ટ આપવાની પ્રથા સામાન્ય છે. શું આ ગિફ્ટ આપવામાં આવે અથવા ગિફ્ટ મેળવવામાં આવી હોય તેના ઉપર ટેક્સની જવાબદારી આવે તેવો પ્રશ્ન એક ટેક્સ પ્રોફેશનલને તેઓના અસીલ દ્વારા અવારનવાર પુછવામાં આવતો હોય છે. આજે આ લેખમાં ગિફ્ટ ઉપર વ્યાવહારિક માર્ગદર્શન આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### શું દિવાળીના તહેવારો ઉપર ગિફ્ટ આપનાર ઉપર ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવે?

ના, ઈન્કમ ટેક્સએ વ્યક્તિને થતી આવક ઉપર લાગતો ટેક્સ છે. ગિફ્ટ આપનાર ઉપર ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવે નહીં. ના, દિવાળી ઉપર કે સામાન્ય રીતે પણ ગિફ્ટ આપનાર ઉપર ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવે નહીં. હા, ગિફ્ટ આપનારનો સ્ત્રોત, એટ્લેકે તેઓ દ્વારા આપવામાં આવેલ ગિફ્ટએ આપનારએ યોગ્ય રીતે ટેક્સ ભરેલી આવકમાંથી ઊભી કરી છે તે જોઈ લેવું ખાસ જરૂરી છે.

### શું દિવાળી નિમિતે ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી આવે?

હા, સામાન્ય સંજોગોમાં ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી ઉપસ્થિત થતી હોય છે. પરંતુ અમુક ખાસ સંજોગોમાં ગિફ્ટ મેળવનાર ઉપર પણ ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવતી હોતી નથી. આ ખાસ સંજોગો વિષે નીચે માહિતી આપવામાં આવેલ છે.

દિવાળીના તહેવારોની વાત કરીએ તો મોટા ભાગે દિવાળીની ગિફ્ટ એ નાની નાની રકમ કે વસ્તુ સ્વરૂપે મળતી હોય છે. સામાન્ય રીતે જેનું મૂલ્ય ૫૦૦૦૦/- સુધી માંજ હોય તે સ્વાભાવિક છે. આવી પચાસ હજાર સુધીની મેળવવામાં આવેલ ગિફ્ટ ઉપર ઈન્કમ ટેક્સ લાગુ પડે નહીં. હા, એ બાબત જાણવી જરૂરી છે કે આ ૫૦ હજારની મર્યાદા વાર્ષિક ધોરણે લાગુ પડે છે. અલબત એ બાબત પણ યાદ રાખવી જરૂરી છે કે કોઈ વ્યક્તિ દ્વારા એક નાણાકીય વર્ષમાં ૫૦૦૦૦/- ઉપર ગિફ્ટ મેળવવામાં આવેલ હોય તો આ સંપૂર્ણ રકમ ઈન્કમ ટેક્સને પાત્ર બની જાય છે. બીજા શબ્દોમાં કહીએતો ૫૦૦૦૦/- થી વધુની કુલ રકમ કોઈ વ્યક્તિને બક્ષિસ તરીકે મળેલ હોય તો ગિફ્ટ સંબધિત કોઈ કપાત બાદ મળે નહીં.



### ક્યાં સંજોગોમાં ૫૦૦૦૦ ઉપરની ગિફ્ટ ઉપર ના લાગુ પડે ઈન્કમ ટેક્સ?

નીચેના સંજોગોમાં ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી લાગુ પડે નહીં.

૧. વ્યક્તિને નિયત સબંધી પાસેથી મળેલ ગિફ્ટ
૨. વ્યક્તિને લગ્ન સંબધિત મળેલ ગિફ્ટ
૩. ''વિલ'' કે વસિયત હેઠળ મળેલ રકમ અથવા મિલ્કત

### વ્યક્તિને ક્યાં સબંધીઓ પાસેથી મળેલ ગિફ્ટ ઉપર ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી લાગુ પડે નહીં?

ગિફ્ટ મેળવનાર વ્યક્તિને નીચેના સગા-સબંધીઓ પાસેથી મળેલ ગિફ્ટ ઉપટ ટેક્સ ભરવાની જવાબદારી લાગુ પડે નહીં.

- વ્યક્તિના જીવનસાથી
- વ્યક્તિના પોતાના ભાઈ કે બહેન
- વ્યક્તિના જીવનસાથીના ભાઈ કે બહેન
- વ્યક્તિના માતા કે પિતાના ભાઈ કે બહેન
- વ્યક્તિના સીધી લીટીના પૂર્વજો તથા વંશજો
- વ્યક્તિના જીવનસાથીના સીધી લીટીના પૂર્વજો કે વંશજો
- (B) થી (F) સુધી જણાવવામાં આવેલ નાજીવનસાથી

આમ, ઉપર નિયત કરેલ સગા સબંધીઓ પાસેથી વ્યક્તિને કોઈ રકમ કે મિલકત ગિફ્ટ તરીકે મળે તો ગિફ્ટ મેળવનાર તરીકે ઈન્કમ ટેક્સ ભરવાની કોઈ જવાબદારી આવે નહીં. પરંતુ ગિફ્ટના વ્યવહાર કરતાં પૂર્વે ગિફ્ટ આપનાર સબંધી ઉપર જણાવેલ યાદીમાં આવે છે કે નહીં તે અંગે ખાત્રિ કરી લેવી જરૂરી છે.

### કોઈ વ્યક્તિ કેટલી રકમની ગિફ્ટ કરી શકે?

આ પ્રશ્ન પણ ટેક્સ પ્રોફેશનલને અવાર નવાર પુછવામાં આવતો હોય છે. આ બાબતે ધ્યાન રાખવાની એ બાબત છે કે કોઈ વ્યક્તિ કેટલી રકમની કે મૂલ્યની ગિફ્ટ આપી શકે તે અંગે કોઈ બાધ રહેલ નથી. કોઈ પણ વ્યક્તિ પોતાના આર્થિક ક્ષમતા મુજબ ગિફ્ટ આપી શકે છે. સરળ ભાષામાં કહીએ તો ગિફ્ટ આપનાર પાસે જેટલી રકમની સગવડતા હોય તેટલી રકમની તેઓ ગિફ્ટ આપી શકે છે. ગિફ્ટ અંગે વ્યવસ્થિત આયોજન કરવા ટેક્સ પ્રોફેશનલની સલાહ લેવી ચોક્કસ હિતાવહ છે.

### રોકડમાં કેટલી રકમ સુધીની ગિફ્ટ આપી શકાય?

આ પ્રશ્ન પણ એક ટેક્સ પ્રોફેશનલ્સ તરીકે અવાર નવાર પુછવામાં આવતો હોય છે. મારા મત પ્રમાણે કોઈ પણ વ્યક્તિ ૧૯૯૯૯૯/- સુધીની ગિફ્ટ રોકડમાં લઈ શકે છે. આ ઉપર ની ગિફ્ટ લેવામાં આવે તો ગિફ્ટ લેનારને ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨૬૯જ્ઞ હેઠળ ગિફ્ટ જેટલી જ રકમનો જ દંડ થઈ શકે છે. આ ઉપરાંત એ બાબત પણ સમજવી જરૂરી છે કે શક્ય હોય ત્યાં સુધી રોકડમાં ગિફ્ટ ના લેવી હિતાવહ છે.

### શું જમીન-મિલ્કત જેવી સ્થાવર મિલ્કતની ગિફ્ટ સંદર્ભે પણ આ જ નિયમ લાગુ પડે?

હા, સ્થાવર મિલ્કત સંદર્ભે ગિફ્ટના ઉપર ના નિયમો લગભગ સમાન રીતે લાગુ પડે છે. ઉપર જણાવેલ છે તેવા સગા પાસેથી ગિફ્ટમાં મળેલ સ્થાવર મિલ્કત (કે જંગમ મિલ્કત) પર પણ ઈન્કમ ટેક્સ લાગુ પડે નહીં.

### જંત્રીની કિંમતમાં તફાવત હોય ત્યારે માની લેવામાં આવતી ગિફ્ટ વિષે જાણોઃ

આ ઉપરાંત જમીન-મકાન જેવી મિલ્કતો જેના તબદીલ દસ્તાવેજનું રજીસ્ટ્રેશન કરવાનું થતું હોય ત્યારે રાજ્ય સરકારની જંત્રી મૂલ્યથી ૫૦૦૦૦ થી વધુ ના તફાવત હોય તો આ તફાવતની રકમને વેચનાર દ્વારા ખરીદનારને ગિફ્ટ આપવામાં આવેલ છે તેમ માની લેવામાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, મિલ્કત ખરીદનાર દ્વારા પણ કોઈ સ્થાવર મિલ્કત સંદર્ભે દસ્તાવેજ જંત્રી મૂલ્યથી ઓછો ના થાય તે અંગે તકેદારી રાખવી ખાસ જરૂરી છે.

ગિફ્ટના વ્યવસ્થિત આયોજન દ્વારા સારું આયોજન શક્ય છે. આ બાબતે ટેક્સ પ્રોફેશનલનું માર્ગદર્શ્ન લેવું ચોક્કસ હિતાવહ છે. અને હા, છેલ્લે કર સમિક્ષા કટારના તમામ વાંચકોને દિવાળીના તહેવારોની હાર્દિક શુભેચ્છાઓ.

(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં ૨૮/૧૦/૨૦૨૪ ના રોજ પ્રકાશિત થયેલ છે)

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

### Dt 20.10.2024
### Goods Services Tax

**અમારા અસીલ જે માલનું વેચાણ કરે છે તેની બેઝિક રકમ ૫૦૦૦૦ થી નીચે છે પરંતુ જી.એસ.ટી. સાથે ૫૦૦૦૦/– થી વધુ થઈ જાય છે. આવા સંજોગોમાં તેઓ ઇ વે બિલ બનાવવા જવાબદાર બને?**
**– સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ જી.એસ.ટી. હેઠળની ઇ વે બિલની જવાબદારી નક્કી કરવા જી.એસ.ટી. વગરની રકમ ધ્યાને લેવાની આવે તેવી સામાન્ય માન્યતા છે. પરંતુ જી.એસ.ટી. નિયમોના નિયમ ૧૩૮માં 'વેલ્યૂ ઓફ કનસાઈનમેંટ' તેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. 'વેલ્યૂ ઓફ કંસાઇનમેંટ'ની વ્યાખ્યા જી.એસ.ટી. કાયદા હેઠળ આપવામાં આવી નથી. 'જનરલ પેરેલન્સ'માં જો જોવા જઈએ તો ટેક્સ સાથે જે માલ વાહન થઈ રહ્યો છે તે રકમને 'વેલ્યૂ ઓફ કનસાઈનમેંટ' ગણી શકાય. આમ, જો ટેક્સ સાથે પણ વહન થતાં માલની વેલ્યૂ ૫૦૦૦૦ થી વધુ થતી હોય તો ઇ વે બિલ બનાવી લેવું જોઈએ તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ ટ્રેક્ટરના વેપારી છે. તેઓ નવું ટ્રેક્ટર વેચાણ કરે છે તેની સામે જૂનું ટ્રેક્ટર 'એક્સચેન્જ' હેઠળ રાખી લે છે. આ જૂનું ટ્રેક્ટર તેઓ ડીલર અન્ય ડીલરને વેચાણ કરે છે. શું આ જૂનું ટ્રેક્ટર વેચાણ કરવાના વ્યવહાર ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે?**

જવાબઃ હા, આપના અસીલ જે જૂના ટ્રેક્ટરનું વેચાણ લોકલ એજન્ટને કરે તે વ્યવહાર ઉપર પણ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. આ વ્યવહારના જી.એસ.ટી. ના દર અંગે જી.એસ.ટી. CBIC રેઈટ નોટિફિકેશન ૮/૨૦૧૮, તા. ૨૫.૦૧.૨૦૧૮ જોઈ જવા વિનંતી.

---

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલના એક હોસ્પિટલ છે. તેઓની નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ની રિસીપ્ટ ૨ કરોડ જેવી હતી. શું તેઓ ધંધાકીય હિસાબ ઈલેક્ટ્રોનિક મોડમાં રાખવા ફરજિયાત છે કે તેઓ મેન્યુલી હિસાબો રાખી શકે? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ આપના અસીલને કાયદાકીય રીતે ઈલેક્ટ્રોનિક મોડમાં રાખવાની કોઈ જવાબદારી નથી પરંતુ હાલના સમયમાં વ્યાવહારિક રીતે અત્યારના સમયમાં મેન્યુલ મોડમાં રાખવા મુશ્કેલ ચોક્કસ ગણી શકાય તેવો અમારો મત છે.

---

### Dt. 09.11.2024
### Goods Services Tax

**અમારા અસીલ જે M/s ABC એક હોસપીટલ છે અને જી.એસ.ટી. હેઠળ વિવિધ સેવા અને માલના સપ્લાય માટે નોંધાયેલ છે. તેઓ પોતાને ત્યાં દાખલ થયેલ દર્દીને અન્ય હોસ્પિટલની સેવા લેવા તબદીલ કરે છે. તે અન્ય હોસ્પિટલ, અમારા અસીલ હોસ્પિટલના નામનું ટેક્સ ઈંવોઈસ આપે છે. આ વ્યવહારને અમારા અસીલ M/s ABCના GSTR 3Bના વ્યવહારમાં કેવી રીતે દર્શાવવા જોઈએ? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ આપના અસીલ M/s ABC માટે અન્ય હોસ્પિટલ દ્વારા સેવા આપવામાં આવી છે તે 'હેલ્થકેર'ને લગતી હોય તેવું સમજાય રહયું છે અને તે અન્ય હોસ્પિટલ દ્વારા NIL રેટેડ ટેક્સ ઈંવોઈસ (ખરેખર બિલ ઓફ સપ્લાય બનવું જોઈએ) બનાવવામાં આવ્યું હોય તેવું સમજાય રહ્યું છે. આ ધારણા મુજબ આપના અસીલ માટે આ સેવા બાબતે GSTR 3Bમાં NIL રેટેડ ઈનવર્ડ સપ્લાયમાં દર્શાવવાનું રહે તેવો અમારો મત છે.

---

**અમારા એક અસીલ ઘર વપરાશના સ્ટીલ એલુંમીનીયમ વિગેરે ધાતુના વાસણનો રીટેલ વેપાર કરે છે તેમજ કોમ્પોઝીશન સ્કીમ હેઠળ જીએસટી રિટર્ન વેરો ભરે છે. તેઓની કુલ ખરીદી પેઈકી ૧૦થી ૧૫ ટકા ખરીદી એન્ડ યુઝર ગ્રાહક (યુ આર ડી ) પાસેથી વપરાયેલ વાસણની પણ હોય છે. એટેલે કે ગ્રાહક (જે ભંગારના વેપારી નથી હોતા) પાસેથી જુના વપરાયેલા વાસણ લે છે જેના વજન પ્રમાણે પૈસા તેઓ ગ્રાહક ને ચૂકવે છે તેમજ આ લીધેલ ભંગાર વાસણો ભંગારના વેપારીને મહીને–બે મહીને ભંગારના ભાવે જ વેચી દે છે. આ વેચાણ પર અમારા અસીલ ૧ ટકો જી એસ ટી પણ ભરે છે. પ્રશ્ન એ છે કે હાલ માં જે લોખંડ સ્ટીલ ભંગાર પર રીવર્સ ચાર્જ મીકેનીઝમ હેઠળ યુ આર ડી પર્સન પાસેથી ખરીદી કરવા ઉપર ૧૮ ટકા ટેકસ ભરવાનો નિયમ આવેલ છે તે અનુસંધાને અમારા ઉક્ત અસીલ ભંગાર વેચાણ ઉપર ૧ ટકો ટેકસ ભરતા હોવા છતાં તે ઉપરાંત પણ આ નિયમ હેઠળ આર સી એમ હેઠળ ખરીદી અન્વયે ૧૮ ટકા વેરો સી એમ પી ૮ ફોર્મ સાથે ભરવાનો થાય કે કેમ ? આપનો અભિપ્રાય આપવા વિનંતી. – ધર્મેશ પરમાર જુનાગઢ**

જવાબઃ હા, આપના અસીલ જે મેટલ સ્ક્રેપનું વેચાણ કરે છે તેના કારણે તેઓના ઉપર નોટિફિકેશન ૨૪/૨૦૨૪, તા. ૦૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજનું નોટિફિકેશન લાગુ પડે અને RCM ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

---

**હાલમાં જી.એસ.ટી.આર. 3B માં ક્યારેક ઇનએલીજીબલ રકમ દર્શાવતી (ઓટો પોપ્યુલેટ) હોય છે. શું આ રકમ ઓલ આધર ITCમાં લખી, ઇનેલીજીબલમાં દર્શાવવી જરૂરી છે કે આવી ઇનએલીજીબલની રકમ દર્શાવીએ જ નહીં તો ચાલે? – ધર્મેશ પરમાર, જુનાગઢ**

જવાબઃ આ ક્રેડિટ લઈ અને રિવર્સ કરવામાં આવે તો વધુ સારું રહે તેવો અમારો મત છે.

---

**અમારા અસીલો એક જ ધંધાની જગ્યા ઉપર ૪ અલગ અલગ બિઝનેસ કરે છે. આ ચાર બિઝનેસમાં બે ભાઈના બે પ્રોપરાઈટરશીપ બિઝનેસ છે અને બે તેઓના બન્નેના HUFના પ્રોપરાઈટર તરીકે છે. ચારે બિઝનેસનું વ્યક્તિગ્ત ટર્નઓવર ૪૦ લાખથી નીચે છે. તમામ બિઝનેસના અલગ બિલો આવે છે અને સ્ટોક પણ અલગ રાખવામા આવે છે. શું જી.એસ.ટી. ઓફિસર સ્પોટ વિઝિટ કરી આ બાબતે જી.એસ.ટી. નંબર ફરજિયાત લેવા અંગે તકરાર લઈ શકે?**

જવાબઃ આપના અસીલના કિસ્સામાં જો ધંધાકીય ચીજ વસ્તુ સરખી હોય, ધંધાનો સ્ટોક પણ અલગ પાડી શકાય તેવો ના હોય તો જી.એસ.ટી. ઓફિસર સ્પોટ વિઝિટ કરી આ બાબતે જી.એસ.ટી. નંબર ફરજિયાત લેવા અંગે તકરાર લઈ શકે તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ ૧૦ જેટલી કોમર્શિયલ પ્રોપર્ટી ધરાવે છે. તેઓ જી.એસ.ટી. હેઠળ રજિસ્ટર્ડ નથી. ૧૦ પ્રોપર્ટી પૈકી ૬ બિન નોંધાયેલ વ્યક્તિ પાસે છે અને ૪ દુકાન નોંધાયેલ જી.એસ.ટી. રજિસ્ટર્ડ કરદાતાઓ છે. આ વ્યવહાર માટે અમારે ફોરવર્ડ ચાર્જ ભરવાનો રહે કે નોંધાયેલ વ્યક્તિ RCM ભરવા પાત્ર રહે? – સુંદરીયા કોલીપરા, પોન્નુર**

જવાબઃ જો આપના અસીલ જી.એસ.ટી. હેઠાણ નોંધાવા પત્ર બની જતાં હોય તો તેઓ જી.એસ.ટી. હેઠળ ફોરવર્ડ ચાર્જ મુજબ વેરો ભરવા જવાબદાર બને. જો આપના અસીલ જી.એસ.ટી. હેઠળ રજિસ્ટર્ડ થવા જવાબદાર ના થતાં હોય તો જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ કરદાતાઓ ને આપવામાં આવેલ ૪ દુકાન ઉપર તેઓ જી.એસ.ટી. RCM હેઠળ ભરવા પત્ર બનશે તેવો અમારો મત છે.

---

### –:: ખાસ નોંધ ::–

૧. જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ 'ટેક્સ ટુડે'ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ–મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ–મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્કલેમરઃ** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસમાં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

◆ Year: 8 ◆ Issue No.13 ◆ Continue Issue No.96 ◆ Date: 17/11/2024, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.